ગાંધીનગર સમાચાર , પાના નંબર :- ૦૭

તારીખ :- ૧૧/૦૧/૨૦૨૬

### સચિવાલયથી મહાત્મા મંદિર સુધીના અંતિમ પડાવના ત્રીજા ફેઝમાં કુલ પાંચ નવા મેટ્રો સ્ટેશનો શરૂ થતાં ગાંધીનગરમાં

# આજે વડાપ્રધાન મહાત્મા મંદિર ખાતે મેટ્રો રેલનું લોકાર્પણ કરશે

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના નાગરિકો માટે પરિવહન સુવિધામાં એક મહત્વપૂર્ણ પગથિયું ઉમેરાતું જઈ રહ્યું છે. અમદાવાદથી ગાંધીનગરની મેટ્રો રેલ સેવા હવે મહાત્મા મંદિર સુધી મળશે કેમકે તા.૧૧ જાન્યુઆરી, રવિવારે સાંજે ૫ વાગ્યે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશન ખાતેથી આ વિસ્તૃત મેટ્રો સેવાનું ભવ્ય લોકાર્પણ કરશે.

હાલ સુધી મેટ્રો સેવા સચિવાલય મેટ્રો સ્ટેશન સુધી જ સીમિત હતી, પરંતુ હવે સચિવાલયથી મહાત્મા મંદિર સુધીના અંતિમ પડાવમાં કુલ પાંચ નવા મેટ્રો સ્ટેશનો શરૂ થતાં ગાંધીનગરમાં મેટ્રો રેલ સંપૂર્ણ રૂટ પર દોડતી બનશે. તમામ સ્ટેશનોની બાંધકામ અને તકનીકી કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.






તસવીર : શૈલેન્દ્ર સોલંકી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે સોમનાથથી રાજકોટ બાદ ગાંધીનગર પહોંચશે. મહાત્મા મંદિરે યોજાનારા આંતરરાષ્ટ્રીય કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ તેઓ મેટ્રો સ્ટેશન ખાતેથી નવી સેવા શરૂ કરશે. વડાપ્રધાનના આગમનને પગલે શહેરમાં કડક સલામતી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે તેમજ કેટલાક માર્ગો બંધ અને પાર્કિંગ ઝોન જાહેર કરાયા છે. આ ઐતિહાસિક પ્રસંગે શહેરના નાગરિકો અને આગેવાનો મોટી સંખ્યામાં મહાત્મા મંદિર ખાતે ઉપસ્થિત રહી વડાપ્રધાનનું ઉષ્માભર્યું સ્વાગત કરશે.